Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સાંપ્રત સમયમાં કેળવણી અને ગાંધી વિચાર

**ડૉ.પારુલ વસંત સાધુ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ હોમ સાયન્સ, ગૂજરાત વિદ્યાપીઠ,સાદરા

**ડૉ.વસંત પી. સાધુ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ,ગાંભોઈ

**પ્રસ્તાવના**

શિક્ષણ એટલે વ્યક્તિમાં રહેલી શક્તિઓને ઉપસાવતી અને કેળવતી પ્રક્રિયા. શિક્ષણને માનવીના માનવ તરીકેના અસ્તિત્વની સાથે સાંકળવામાં આવ્યું છે. માનવીને જન્મથી જ પ્રાપ્ત થતી શારીરિક સંપત્તિ કે જેમાં એનાં અંગ-ઉપાંગો, એનું મગજ, એની જ્ઞાનેન્દ્રિયોનો સમાવેશ થાય છે તે એને જીવનભર ટકી રહેવા, વિકસવા, સફળ નીવડવા અને, તેમાંથી મહત્તમ આનંદ અને સંતોષ મેળવવા જાણે કે એને નિરંતર શીખતા રહેવાની સામગ્રી પૂરી પાડે છે. એ માટે એને અભિપ્રેરણા આપે છે અને એમ કરીને દુનિયાના અન્ય પ્રાણી જાતથી એને એક આગવી ઓળખ આપે છે. આથી જ માનવીને ‘એક શીખતા પ્રાણી’ તરીકે ઓળખવામાં આવ્યો છે.

જેમ દૈહિક સંપત્તિ એ માનવીને સદા શીખતું રહેતું વ્યક્તિત્વ બક્ષ્યુ છે, એજ રીતે એની અનેકવિધ માનસિક શક્તિઓ, જેવી કે બુદ્ધિ, તર્ક, કલ્પના, સ્મૃતિ, અર્થગ્રહણ, તુલના, નિષ્કર્ષ, કુતૂહલ વગેરે એને પ્રચંડ ક્ષમતાભંડાર બક્ષે છે; જે એને સતત શીખતા રહેવાનું બળ પૂરું પાડે છે. કુદરતે એને વાચા આપીને તો જાણે શીખવા-શીખવવાની અનેકાનેક સંભાવનાઓનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં !

**શિક્ષણનો અર્થ :**

શિક્ષણની અર્થ વ્યાપક છે. એમાં એક તરફ એનો સંકુચિત અર્થ આવી જાય છે, તો બીજી તરફ એના લાંબા ગાળાના વિસ્તારપૂર્ણ અર્થનો સમાવેશ થાય છે. સામાન્ય માનવી એનો સંકુચિત સંદર્ભ જોતો હોય છે અને એ પરથી એની પસંદગી, એનાં મૂલ્યાંકનો વગેરે કરતો હોય છે. સંકુચિત અર્થમાં શિક્ષણ એટલે નીચેની બાબતો ગણવામાં આવે છે :

(1) શિક્ષણ એટલે ભણતર; જેમાં વાચન, લેખન અને ગણનનો સમાવેશ થાય છે. એ ત્રણ વાનાં કરનાર શિક્ષિત ગણાય છે.

(2) શિક્ષણ એટલે સાક્ષરી વિષયોનું જ્ઞાન; જેમાં ઉપર જણાવેલાં ત્રણ કૌશલ્યો – વાચન, લેખન અને ગણન ઉપરાંત ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરે વિષયોના શિક્ષણનો સમાવેશ થાય છે.

(3) શિક્ષણ એટલે કૌશલ્યોની તાલીમ; જેમાં હાથપગ અને જ્ઞાનેન્દ્રિયોના સંયોજન દ્વારા કશુંક ઉત્પાદક કામ કરવાના હુન્નરનો સમાવેશ થાય છે. એમાં ખેતી, સુથારીકામ, લુહારીકામ, દરજીકામ વગેરેથી માંડી આધુનિક ટેક્નોલૉજીના ઉપયોગ વડે થતાં વિવિધ કામોની આવડતોની તાલીમનો સમાવેશ થાય છે.

(4) શિક્ષણ એટલે માનસિક ઘડતર; જેમાં ગોખવું, કંઠસ્થ કરવું, યાદ કરેલું સ્મરવું,

દલીલ કરવી, તર્ક કરવો વગેરે જેવી માનસિક આવડતો કેળવવાનો સમાવેશ થાય છે.

(5) શિક્ષણ એટલે શિક્ષણની સંસ્થામાં જે કાંઈ અપાતું હોય તે બધું. આમ, શિક્ષણની સંસ્થા અને તેના શિક્ષકો દ્વારા શીખનારને નિયત સમયાવધિમાં જે કાંઈ જ્ઞાન, માહિતી, તાલીમ, ટેવપાલન વગેરે અપાતાં હોય, તેનો સમાવેશ થાય છે. એટલે સંસ્થાકીય કામગીરીના અંતે પરીક્ષા લઈ શીખનારને અપાતું પ્રમાણપત્ર એ પોતે જ શિક્ષણનો પર્યાય ગણાય છે. આજે ગુજરાતમાં અને ભારતમાં સંસ્થાઓમાં અપાતું ઔપચારિક (formal) શિક્ષણ ઉપરના ક્રમાંક (5)માં વર્ણવેલ અર્થ અનુસારનું શિક્ષણ છે. અગાઉથી નક્કી કરેલો પાઠ્યક્રમ, એના પર લખાયેલાં પાઠ્યપુસ્તકો, તે પરથી તૈયાર કરેલ પરીક્ષાનું માળખું અને એ પરીક્ષાના પરિણામે અપાતું પ્રમાણપત્ર એ ચાર માપદંડો અનુસાર થતો કર્મકાંડ એ આજનું શિક્ષણ છે. એનું જ વ્યવહારમાં અને સમાજમાં ચલણ છે, એનું માન છે અને એ જ શીખનારની કારકિર્દીનું ભાગ્યવિધાતા બળ બની ગયેલ છે.

**કેળવણીનો અર્થ**

ગાંધીજી ખૂબ દ્રઢતાથી માનતા કે કેળવણી એટલે કક્કો શીખીને બેસી રહેવું એમ નહીં. પણ કેળવણી એટલે આપણા હકો શું છે તે જાણવું. હકોની સાથે આપણી જવાબદારી તથા ફરજ શી છે તે સમજવું. આવી કેળવણી પાંચપચીસ માણસોને મળે તે બસ નથી. તે કેળવણી કરોડો માણસોમાં ફેલાવવાની છે. ઈન્ડિયન ઓપીનિયન, ૧૬-૧૨-૧૯૦૫ (ગાંઠ. ૫ ૧૩૧-૨)

પ્રખ્યાત વર્તમાનપત્ર વેન મેન મેગ્નેટમાં ખરી કેળવણીનું વર્ણન આપ્યું છે, તે આપણે બધાએ સમજવા જેવું છે: ‘ખરી કેળવણી એટલે પુરાણી કે હાલની ચોપડીઓનું જ્ઞાન મેળવવું એ જ નથી. ખરી કેળવણી વાતાવરણમાં, આસપાસની સ્થિતિમાં, સોબતમાં કે જેમાંથી આપણે જાણેઅજાણે ટેવો ગ્રહણ કરીએ છીએ તેમાં અને મુખ્યપણે કામમાં રહેલી છે. જ્ઞાનનો ભંડાર તે પછી સરસ પુસ્તકોમાંથી કે બીજી જગ્યાએથી મેળવવો એ ઠીક જ છે. પણ આપણે માણસાઈ શીખવી એ વધારે જરૂર નું છે .કેળવણી એટલે કક્કો શીખીને બેસી રહેવું એમ નહીં પણ માણસાઈ શીખવવાનું છે. કેળવણીનો સાધારણ અર્થ અક્ષર જ્ઞાન થાય છે. લોકોને લખતાં, વાંચતા , હિસાબ ગણતાં શીખવવું એ મૂળ અથવા પ્રાથમિક કેળવણી કહેવાય છે. ગાંધીજીનાં શિક્ષણદર્શનમાં બાળકના આધ્યાત્મિક વિકાસ માટેના શિક્ષણ, સામાજિક વિકાસ માટેના શિક્ષણ, સ્વની શોધ માટેના શિક્ષણ, જીવનના અનુભવોનું માટેના શિક્ષણ જેવી પાયાની બાબતોને સાંકળવામાં આવી છે. ટૂંકમાં, ગાંધીજીનું શિક્ષણદર્શન બાળકના સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દ્રષ્ટિ છે.

શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે, એ નિઃસંદેહ છે, પરંતુ કોઈપણ યુગમાં જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ છે. ખરેખર તો શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણ છે. અણઘડ પત્થરમાંથી માનવને શ્રેષ્ઠતમ ચારિત્ર્યમૂર્તિમા પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે, પરંતુ આજના

યુગના શિક્ષણ સામેની એક મોટી ફરિયાદ એ છે કે તે માત્ર અને માત્ર યાદશક્તિની પરીક્ષા કરે છે, જીવન જીવવા માટેનું વાસ્તવિક પ્રશિક્ષણ આપી શકતું નથી અને એટલે બાળકનાં જીવનઘડતરનો પ્રશ્ન વધુ ને વધુ વિકરાળ બનતો જાય છે.

શિક્ષણ દ્વારા સારા નાગરિકોનું નિર્માણ કરીને રાષ્ટ્રને વધુ ને વધુ શક્તિશાળી બનાવી શકાય છે.

ગાંધીજી પ્રબળપણે એમ માનતા કે શિક્ષણ એ વ્યક્તિ અને સમાજના સર્વાંગીણ વિકાસ માટેનું શ્રેષ્ઠ સાધન છે. તેઓના મતે શિક્ષણ એ વ્યક્તિ અને સમાજનો કાયા કલ્પ છે.

આજ ના શિક્ષણ સામે નજર નાખીએ તો સમજાશે કે બાળક ભણે છે ગોખે છે, પરંતુ તેના માં વડીલો તરફ સન્માન, વિનમ્રતા, ધીરજ જેવા ગૂણની કમી દેખાય છે. વિદ્યાર્થી જલ્દી હતાશ થઇ જાય છે. બીજા સાથે સમાયોજન સાધવામાં ઉણો ઉતારે છે, આત્મહત્યા નું પ્રમાણ વધ્યું છે, આજના વિદ્યાર્થી ને કામ કરવું ગમતું નથી,ત્યારે આપણ ને સમજાય છે કે ગાંધીજી ની કેળવણીની વિભાવના મુજબના શિક્ષણની તાતી જરૂર છે તેઓ શિક્ષણને બાળકના આધ્યાત્મિક, સામાજિક વિકાસ, સ્વની શોધ, જીવનના અનુભવો જેવી પાયાની બાબતો સાથે સાંકળતા હતા. તેઓ સ્વાવલંબી કેળવણી ઈચ્છતા કે જેમાં કેળવણી દ્વારા વ્યક્તિના ત્રણ મૂળભૂત આર્થિક પ્રશ્નો રોજી, રોટી, કપડાં દૂર થાય. ગાંધીજી અક્ષરજ્ઞાન કરતાં સંસ્કારની કેળવણીને વધારે મહત્વ આપતા હતા. તેઓ કહેતા કે સંસ્કારીતા એ તો પાયાની વસ્તુ છે. શિક્ષણ અંગે ગાંધીજી કહેતા કે, "બાળકના શરીર, મન અને આત્માના જે ઉત્તમ અંશો હોય તેમનો સર્વાંગી વિકાસ સાથીને તેમને બહાર લાવવા." ટૂંકમાં, ગાંધીજીના મતે શિક્ષણએ બાળકના સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દ્રષ્ટિ છે જયારે આજે ચિત્ર કૈંક જુદું જ છે . બાળક માં કઈ શક્તિઓ છૂપેલી છે તે નહિ પરંતુ બાળક ને કેવી રીતે માર્ક્સ વધારે આવે તેવું પુસ્તકિયું જ જ્ઞાન પીરસવામાં આવે છે

બાળક વિશ્વમાનવ બની ને જીવે છતાં પણ તેના જીવનમાં મૂળ તો પોતાના સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર સાથે સતત સંકળાયેલાં રહેવાં જોઈએ,પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં એ જોવા મળે છે કે ભણી ગણીને યુવા ધન વિદેશ ઉપાડી જાય છે ઉપરાંત આજનું શિક્ષણ બાળકને જીવન જીવવાની અને પોતાના જીવનનો હેતુ પાર પાડવાની ક્ષમતા નથી આપી શકતું.

આ શક્તિને વિકસાવવા માટે તેને પૂરતું પ્રોત્સાહન, તક અને તાલીમ મળતા રહે તે ખૂબ જ જરૂરી છે. બાળકનાં ઉછેર કે કેળવણી ખામી ભરેલાં હોય તો તેની સર્જનશક્તિ મૂરઝાઈ જાય છે, મંદ પડી જાય છે, તેથી આ બાબતે ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે.

**ગાંધીજીનું શિક્ષણ દર્શન:-**

ગાંધીજી પ્રબળપણે એમ માનતા કે શિક્ષણ એ વ્યક્તિ અને સમાજના સર્વાંગીણ વિકાસ માટેનું શ્રેષ્ઠ સાધન છે. તેઓના મતે શિક્ષણ એ વ્યક્તિ અને સમાજનો કાયા કલ્પ છે

*ગાંધીજીના મતે કેળવણીની વિભાવના / આધારભૂત સીધાંતો:-

૧) કેળવણી દ્વારા બાળકોમાં અપેક્ષિત માનવગુણોનો વિકાસ થવો જોઈએ.

૨) બાળકની શક્તિઓનો વિકાસ સમાજના

હિતાર્થે થવો જોઈએ.

૩) કેળવણી દ્વારા બાળકના શરીર, મન, હૃદય અને આત્માનો સુસંવાદી વિકાસ થવો જોઈએ.

૪) કેળવણી બાળકની શારીરિક, માનસિક અને અધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરે તેવી હોવી જોઈએ.

૫) શિક્ષણ દ્વારા બાળકોની બેરોજગારીની સમસ્યાનું સમાધાન થવું જોઈએ.

૬) જીવનની વાસ્તવિક પરિસ્થિતિઓ સાથે શિક્ષણનો સબંધ જોડાવો જોઈએ.

૭) બાળકને પ્રવૃત્તિ દ્વારા અથવા ક્રિયા દ્વારા શિક્ષણ અપાવું જોઈએ.

૮) સંપૂર્ણ રાષ્ટ્રમાં ૬ થી ૧૪ વર્ષ સુધીનું શિક્ષણ મફત, સાર્વત્રિક અને ફરજીયાત હોવું જોઈએ.

૯) શિક્ષણનું માધ્યમ માત્ર માતૃભાષા હોવી જોઈએ.

***ગાંધીજીના મતે શિક્ષણના હેતુઓ:-**

**નૈતિક અને આધ્યાત્મિક વિકાસ માટે શિક્ષણ**

જ્ઞાન રૂપી પાત્ર દ્વારા અંતમાં મુક્તિ તરફ લઇ જવા માટે ગાંધીજીએ નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણ પર ભાર મૂક્યો અને આ માટે ગુજરાત વિદ્યાપીઠ(૧૯૨૯)ની સ્થાપના તે એક નોંધ પાત્ર પગલું હતું, જેમાં સાહિત્યિક તાલીમની સાથેસાથે વૈજ્ઞાનિક સંશોધન, ભાષાશાસ્ત્રો, વ્યવસાયો, અગ્રેજીનો અભ્યાસ, સંસ્કૃત અને લલિતકલાની તાલીમને પણ મહત્વ આપવામાં આવે છે. જ્ઞાન જે મુક્તિ માટે રચાયેલ છે તે સમાજને આધ્યાત્મિક સ્વતંત્રતા તરફ દોરી જાય છે. ગાંધીજી કહે છે, " શિક્ષણ એ આત્માની જાગૃતિ છે." (ભાટિયા, બી. કે. શિક્ષણ તત્વજ્ઞાન, પૃ.૧૪)

૧) સ્વાવલંબન માટે / આત્મનિર્ભરતા માટે કેળવણી:-

ગાંધીજી એમ માનતા કે કેળવણી દ્વારા વ્યક્તિ અને સમાજ સ્વાવલંબી બનવો જોઈએ. કેળવણી દ્વારા વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતો અન્ન, આવાસ અને આચ્છાદાન સંતોષવી જોઈએ. કેળવણી દ્વારા વ્યક્તિ સ્વાશ્રયી બનવી જોઈએ.

૨) સાંસ્કૃતિક વિકાસ:-

ગાંધીજીના મંતવ્ય અનુસાર કેળવણીનો મહત્વનો ઉદ્દેશ રાષ્ટ્રની સામાજિક સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનો છે. સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું જતન અને માવજત કરવાનું કેળવણીનું કાર્ય છે. તેઓ કહેતા કે અક્ષર જ્ઞાન કરતાં હું સંસ્કારની કેળવણીને વધારે મહત્વ આપું છું.

૩)વિકાસશીલ સમાજ અને લોકશાહીના વિકાસ માટે શિક્ષણ

ગાંધીજીના શિક્ષણના હેતુઓમાં બાળકોમાં શિક્ષણ દરમિયાન સહાનુભૂતિ, સેવા, પ્રેમ, ભાઈચારો, સમાનતા અને સ્વતંત્રતા જેવા ગુણોનું સિંચન કરી આદર્શ નાગરિક બનાવવાનાં હેતુઓને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. ગાંધીજી કહે છે, " વ્યક્તિગત અને રાષ્ટ્ર કલ્યાણ એકબીજાના પૂરક છે. તેથી તેમનામાં વધુને વધુ લોકશાહી નાગરિકત્વનાં ગુણો વિકસાવવા જોઈએ. જેથી એક રાષ્ટ્રના નિર્માણ અને વિકાસમાં તેઓ ભાગીદાર બને."

૪) ચારિત્ર્ય નિર્માણ:-

ગાંધીજીને જ્યારે પૂછવામાં આવ્યું કે, "તમારી દ્રષ્ટિએ કેળવણીનો મહત્વનો ધ્યેય કયો હોઈ શકે?" ત્યારે ગાંધીજીએ એક જ શબ્દમાં ઉત્તર આપ્યો, 'ચારિત્ર્યઘડતરનો', તેમણે જણાવ્યું કે શિક્ષણ દ્વારા વ્યક્તિમાં

હિંમત, બળ વગેરે ગુણોના વિકાસ ઉપરાંત વ્યક્તિએ જીવનના કોઈ મહાન ધ્યેય માટે પોતાને સમર્પિત કરી દેવી જોઈએ. ગાંધીજી કહે છે કે, 'જ્ઞાન માત્રનું ધ્યેય ચારિત્ર્યઘડતરનું હોવું જોઈએ. બાળકમાં શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણના પાયામાં તેનાં વિચારો તથા માન્યતાઓ મુખ્ય હોય છે, જે તેના આખાયે જીવનનો આધાર છે. કહેવાય છે ને કે, પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. જે વિચારો અને માન્યતાઓ બાલ્યકાળમાં રોપાય છે તે જ વિચારો અને માન્યતાઓના પાયા પર તેનું આખુંયે જીવન ઘડાય છે અને તે પ્રમાણે જ માણસ જીવન જીવવા કટિબદ્ધ થાય છે, માટે એવું શિક્ષણ હોવું જોઈએ કે બાળકનાં વિચારો, માન્યતાઓ તથા ગ્રંથિઓને ધ્યાનમાં લઈ તેને સ્વસ્થ માનસ ઘડવામાં મદદરૂપ થાય .

૫) મુક્તિ માટે કેળવણી:-

પ્રાચીન ભારતમાં કેળવણીનો મહત્વનો ઉદ્દેશ " સા વિદ્યા યા વિમુક્તયે- નો હતો. સાચી કેળવણી એ છે કે માનવને મુક્તિ અપાવે તે મુક્તિદાતા હોય. જે સર્વ પ્રકારના બંધનોમાંથી કે દાસત્વમાંથી મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા અને સાચી કેળવણી.

૬)પાયાનું શિક્ષણ

સર્વોદય સમાજના બાળકોની જરૂરિયાતોને પૂરી કરવા ગાંધીજી કાર્ય શિક્ષણ અને માતૃભાષા દ્વારા શિક્ષણને મહત્વ આપે છે. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ પાયાનું શિક્ષણ નીચે મુજબના સિદ્ધાંતો પર કેન્દ્રિત છે –

a)પ્રથમ સાત વર્ષ માટે મફત અને ફરજીયાત શિક્ષણ

b)માતૃભાષા દ્વારા શિક્ષણ

c) હસ્તકળાની તાલીમ માટે વિવિધ પ્રવૃત્તિઓલક્ષી શિક્ષણ

૭) સર્વાંગીણ વિકાસ:-

કેળવણી દ્વારા પૂર્ણ માનવનો વિકાસ થવો જોઈએ. તેઓ કેળવણી દ્વારા હસ્ત, હૈયું અને મસ્તિષ્કનો વિકાસ થવો જોઈએ તેમ માનતા. ગાંધીજીએ વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને બહાર લાવી તેમનો સમુચિત અને સંતુલિત વિકાસ થાય તે રીતે કેળવણી આપવી જોઈએ તેના પર ભાર મુક્યો. ગાંધીજીની શિક્ષણની વ્યાખ્યા પ્રમાણે, "બાળકોમાં રહેલા શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોને બહાર લાવવા" તેનું નામ કેળવણી. આમ, ગાંધીજી બાળકોનાં સર્વાંગીણ વિકાસના હેતુ પર ભાર મુકે છે.

૮) જીવનના ઉચ્ચતમ મૂલ્યોનો વિકાસ:-

કેળવણી દ્વારા નૈતિક, આધ્યાત્મિક, સામાજિક અને સૌંદર્યબોધક મુલ્યો જે જીવન ઘડતર કરે છે તે મુલ્યોના વિકાસ પર ભાર મુકતા હતા. કેળવણી દ્વારા જીવનનાં કેટલાંક શાશ્વત કે સનાતન મુલ્યો જેવાં કે સત્ય, અહિંસા, પ્રેમ કે કરુણા, ભ્રાતૃત્વ જેવાં મૂલ્યોનો સમુચિત વિકાસ થવો જોઈએ તેમ તે દ્રઢ પણે માનતા હતાં. મૂલ્યોના સંક્રમણ દ્વારા વિદ્યાર્થીઓના ચારિત્ર્યનું ઘડતર થાય છે.

૯) આત્મસાક્ષાત્કાર:-

ગાંધીજી એક આદર્શવાદી કેળવણીકાર તરીકે કેળવણીના સર્વોચ્ચ ઉદેશ્ય તરીકે આત્મસાક્ષાત્કારને ગણાવે છે. આત્મસાક્ષાત્કાર એટલે સ્વપ્રતીતિ- વ્યક્તિને પોતાની મહાનતા અને મર્યાદાઓનું જ્ઞાન થાય અને તે દ્વારા વ્યક્તિ આત્મ સંયમ, આત્મસાક્ષાત્કાર અને આત્માનુભૂતિ કરવા પ્રેરાય છે. આત્મસાક્ષાત્કાર એ જ્ઞાનનું

સર્વોચ્ચ શિખર છે, જ્ઞાનનું અંતિમ ધ્યેય છે.

૧૦)વ્યાવસાયિક શિક્ષણ

ગાંધીજી એ ભારતની બેરોજગારીને ધ્યાનમાં રાખીને વ્યાવસાયિક શિક્ષણ મહત્વ આપ્યું છે. તેઓ કહે છે, "ચૌદ વર્ષની ઉમરે પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ દરેક બાળક પોતાના ઘર માટે એક કમાઉ એકમ બની રહેવો જોઈએ... જે આગળ જતાં તેમની હીન ભાવનાને ઘટાડે છે. અને આથી જ શિક્ષણ દરેકને રોજી મેળવવામાં મદદ કરનાર બની રહેવું જોઈએ જેથી બેરોજગારીની માત્રામાં ઘટાડો કરી શકાય." (સત્યનો અવાજ – ભાગ ૬)

આમ, કહીએ તો ગાંધીજીનું શિક્ષણદર્શન એ માત્ર બાળકના સર્વાંગી વિકાસને જ કેન્દ્રમાં રાખતું નહોતું પરંતુ તેને મેળવ્યા બાદ તેને પોતાને સ્વનિર્ભર બની પોતાનું અને પોતાના પરિવારના ભરણપોષણમાં સહાયક બનવા માટે સક્ષમ બનાવનાર છે. બાળકમાં આત્મવિશ્વાસ અને આત્માસન્માનની ભાવનાનો વિકાસ કરનાર છે. જે આજના સાંપ્રત સમયમાં ખૂબ જ જરૂરી પુરવાર થાય તેમ છે

**ઉપસંહાર**

ગાંધીજીએ શ્રી મહાદેવભાઇ દેસાઈ આગળ કહ્યું હતું કે શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે, પછી ભલેને તે છોકરો હોય કે છોકરી. શિક્ષણ દ્વારા સારા નાગરિકોનું નિર્માણ કરીને રાષ્ટ્રને વધુ ને વધુ શક્તિશાળી બનાવી શકાય છે. ગાંધીજીનાં કેળવણી વિષયક વિચારોમાં બાળકના આધ્યાત્મિક વિકાસ , સામાજિક વિકાસ , સ્વની શોધ માટે, જીવનના અનુભવો માટે શિક્ષણ જેવી પાયાની બાબતોને સાંકળવામાં આવી છે. ગાંધીજીએ જણાવ્યું હતું કે શિક્ષણ દ્વારા બાળકના શરીર, મન અને આત્મામાં રહેલા સર્વશ્રેષ્ઠ અંશોને બહાર લાવી તેનો સર્વાંગી વિકાસ કરી શકાય છે ગાંધીજીનું કેળવણી વિષયક વિચારોમાં બાળકના સર્વાંગી વિકાસ માટેની એક સંપૂર્ણ દ્રષ્ટિ તો છે જ સાથે સાથે ગાંધીજીનું શિક્ષણદર્શન એ માત્ર બાળકના સર્વાંગી વિકાસને જ કેન્દ્રમાં રાખતું નહોતું પરંતુ તેને મેળવ્યા બાદ વિદ્યાર્થી ને સ્વનિર્ભર બની પોતાનું અને પોતાના પરિવારના ભરણપોષણમાં સહાયક બનવા માટે સક્ષમ બનાવનાર છે. બાળકમાં આત્મવિશ્વાસ અને આત્માસન્માનની ભાવનાનો વિકાસ કરનાર છે. આજ નું શિક્ષણ માત્ર પુસ્તકિયું જ્ઞાન પીરસના રૂ પરીક્ષા કેન્દ્રિત બની ગયું છે. "ગાંધીજીની દ્રષ્ટિએ કેળવણીનો મહત્વનો ધ્યેય 'ચારિત્ર્યઘડતરનો',છે જેની સાંપ્રત સમય માં વિદ્યાર્થી માટે તાતી જરૂર છે. તેમણે જણાવ્યું કે 'જ્ઞાન માત્રનું ધ્યેય ચારિત્ર્યઘડતરનું હોવું જોઈએ. જો આપણે ઈચ્છતા હોઈએ કે શિક્ષણ દ્વારા ઉત્તમ નાગરીકો તૈયાર થાય તો એ માટે ચારિત્ર્ય ઘડતર જરૂરી છે આજનું યુવા ધન આધુનિકતાના વાયરે એવું આંધળું થયું છે કે તેનામાં નૈતિકતા ના મુલ્યોની કમી જણાય આવે છે વ્યસનોએ વિદ્યાર્થીઓને ખોખલા બનાવી દીધા છે . આજે માત્ર ડીગ્રી રૂપી કાગળની વિદ્યાર્થીઓને ભેટ આપવામાં આવે છે પરંતુ આ શિક્ષણમાં કેળવણીની અછત દેખાય છે ત્યારે ગાંધીજી ના કેળવણી વિષયક વિચારો આજના સાંપ્રત સમયમાં ખૂબ જ જરૂરી પુરવાર થાય તેમ છે.